# બાબા મુક્તાનંદની સમયાતીત શિખામણો

"તમારા રોમ-રોમમાં ભગવાનનો પ્રેમ વ્યાપ્ત હોવો જોઈએ."

~ બાબા મુક્તાનંદ

બૅન વિલિયમ્સ દ્વારા લિખિત વ્યાખ્યા

આ શિખામણમાં, બાબા મુક્તાનંદ આપણને પ્રોત્સાહિત કરે છે કે આપણે દિવ્ય પ્રેમ સાથે પૂર્ણપણે એક થઈ જઈએ; તેમાં સહેજ પણ કમી ન રહેવી જોઈએ. ભગવાનના પ્રેમનો સ્વાદ ચાખવા માત્રથી અથવા એ પ્રેમની ઝલક માત્રથી આપણું જીવન રૂપાંતરિત થઈને વધારે સારું બની શકે છે. પરમ પ્રેમના સ્પર્શથી અંતર-હૃદય ખીલી ઊઠે છે અને આપણને એ બોધ થાય છે કે જીવન અતિમૂલ્યવાન છે. અદ્વૈત શૈવમતના ઋષિઓ આપણને શીખવે છે કે જે જગતમાં આપણે રહીએ છીએ તે કોઈ સાધારણ રચના નથી. બધા લોક અને બધા જીવો ચિતિથી પ્રસરિત થનારા ઝગમગતા ચિતિકણ જ છે, તેના પરમાનંદમય સારનું 'ઘનીભૂત રૂપ છે'.[૧] આધ્યાત્મિક અભ્યાસ દ્વારા આ જ્ઞાન પ્રત્યક્ષ અનુભવ બની જાય છે અને આપણી અંદર બાબા મુક્તાનંદ જેવા પરમાનંદમાં લીન મહાત્માઓનાં જીવન અને શબ્દોમાંથી શીખવાની લલક પણ જાગે છે. જેમજેમ આપણે આ સંતો સાથે પરિચિત થતાં જઈએ છીએ, આપણી અંદર સ્વાભાવિકરૂપે પ્રશ્નો ઊઠે છે. તેમણે આ કેવી રીતે કર્યું? તેમણે ભગવાનને સર્વસ્વ કેવી રીતે અર્પિત કર્યું? તેઓ પ્રેમના મહાસાગરમાં કેવી રીતે વિલીન થઈ ગયા? બાબાજી આપણને કહે છે : ભગવાનનો પ્રેમ "તમારા રોમ-રોમમાં" વ્યાપ્ત હોવો જોઈએ.

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[૧]પ્રત્યભિજ્ઞાહૃદયમ્, સૂત્ર ૪ની વ્યાખ્યા.